આજે છઠ્ઠા દિવસે ફળદાયીની મા કાત્યાયનીની પૂજા



ગાંધીનગર સમાચાર

# નીફટમાં નવરાત્રીમાં ડીઝાઈનર પરિધાન છવાયો

**કુલ ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓ ગરબે ઘુમ્યા : સમગ્ર કેમ્પસને વિદ્યાર્થીઓએ જાતે શણગાર્યું : ત્રણ દિવસીય આયોજનમાં ૨૦૦થી વધુ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને પેરેન્ટસ પણ જોડાશે**

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના ઈન્ફોસીટી વિસ્તારમાં નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ફેશન ટેકનોલોજી નીફટ ખાતે ત્રણ દિવસીય નવરાત્રી પર્વનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉત્સવમાં નીફટના ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓ ડીજેના તાલે મન મુકીને ગરબે ઘુમ્યા હતા.

નીફટમાં દર વર્ષે નવરાત્રી ઉત્સવનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે યોજાયેલ આ ઉજવણીમાં કેમ્પસને વિદ્યાર્થીઓ દ્વારા 'વેસ્ટમાંથી બેસ્ટ' કોન્સેપ્ટ સાથે નકામી ચીજવસ્તુઓનો સુંદર ઉપયોગ કરી ખૂબ જ આકર્ષક રીતે શણગારવામાં આવ્યું હતું. નીફટના કેમ્પસમાં આવેલ સેન્ટ્રલ લોનમાં રાસ ગરબાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ભારતભરમાંથી આવીને અહીં ભણતા તમામ વિદ્યાર્થીઓએ ખુબ ઉત્સાહથી ભાગ લઈ ગરબે ઘુમ્યા હતા. ઉત્સવના પ્રારંભે વિદ્યાર્થીઓએ જાતે બનાવેલ માતાજીની મૂર્તિ સમક્ષ આરતી ઉતારવામાં આવી હતી.

નવરાત્રી ઉજવણીના બીજા દિવસે નીફટમાં ભણી ચુકેલા આશરે ૨૦૦થી વધુ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સામેલ થવાના છે ગત વર્ષે કેટલાક વિદ્યાર્થીઓ જેઓ વિદેશમાં સ્થાયી થયા હોવા છતાં આ ઉજવણીમાં સામેલ થયા હતા. નીફટના ઘણા વિદ્યાર્થીઓ વિવિધ ઈન્ડસ્ટ્રીઝમાં કાર્યરત છે પરંતુ નવરાત્રીની ઉજવણીમાં તેઓ અચુક સામેલ થાય છે. ત્રણ દિવસીય આ ઉજવણીના અંતિમ દિવસે વિદ્યાર્થીઓના મા બાપને પણ સામેલ થવા આમંત્રણ આપવામાં આવ્યું છે. ફેશન ટેકનોલોજીમાં અભ્યાસ કરતા હોવાથી નીફટના વિદ્યાર્થીઓ નવરાત્રીની ઉજવણીમાં વિવિધ સ્ટાઈલમાં અને આકર્ષક ટ્રેડીશનલ ડીઝાઈનર પરિધાનમાં સજ્જ થઈ ગરબાના તાલે ઝુમી ઉઠે છે તે દ્દશ્ય અત્યંત નયનરમ્ય હોય છે.



(તસવીર : સમીર રામી)

## @ગાંધીનગર

### છઠ્ઠું નોરતું

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા બાલનગરી મેદાન સે-૬ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે અમિત ઠક્કર અને દિપ્તી દેસાઈ ગરબા રજૂ કરશે.

● સે-૨૨ સાર્વજનિક નવરાત્રી મહોત્સવ દ્વારા રાત્રે ૯.૩૦ કલાકે ઝનકાર મ્યુઝીક ગ્રુપના ગાયક સંજયભાઈ બારોટ ગરબા રજૂ કરશે.

● સે-૪ સાર્વજનિક નવરાત્રિ મહોત્સવ ખાતે રાત્રે ૯ કલાકે કિશન મ્યુઝી. કંપની દ્વારા ગરબા રજૂ કરાશે.

● નવરાત્રિ સમિતિ સે-૩-ન્યુ ખાતે રાત્રે ૯ કલાકે ખુશી ઓરકેસ્ટ્રાના ગાયક પ્રદિપ મેઉવા દ્વારા ગરબા રજૂ કરાશે.

● સે-૩-બી નવરાત્રી ચોક ખાતે રોકસ્ટાર ગ્રુપ દ્વારા ગરબાની રજૂઆત કરાશે.

● સેકટર-૧૭ નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા રાત્રે ૯ કલાકે જય બાબરી મ્યુઝીકલ ગ્રુપના ગાયક લોકેશ પ્રજાપતિ ગરબાની રમઝટ જમાવશે.

● અંબાજી માંડવી પ્રગતિ મંડળ સરઢવ નવરાત્રિ મહોત્સવ દ્વારા માંડવી ચોક સરઢવ ખાતે કાવ્યા મ્યુઝિકલ ગ્રુપના પારૂલ બારોટ અને સુરેશ બ્રહ્મભટ્ટ ગરબાની રમઝટ બોલાવશે.

● સરઢવ વારાહી પ્રગતિ મંડળ નવરાત્રી મહોત્સવ દ્વારા વારાહી ચોક ખાતે ભુમિ પંચાલ, સાગર પુરબીયા અને કોમલ આર્ટ-નરેશ સોલંકી ગરબા રજૂ કરશે.

● જય બુટ ભવાની મા આંનદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો દિપેનભાઈ એન. પંચોલીના નિવાસસ્થાન, પ્લોટ નં. ૧૦૫૬, સ્વસ્તિક સોસાયટી, સે-૨૭ ખાતે બપોરે ૨ કલાકે યોજાશે.

● લાયન્સ કલબ દ્વારા ચ-૩ ગરબા મેદાન સે-૧૧ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે બેસ્ટ બોયઝ ઓરકેસ્ટ્રા ગરબા રજૂ કરશે.

● રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહ અંતર્ગત સવારે ૧૧ કલાસે સે-૨૧ સરકારી પુસ્તકાલય ખાતે નિબંધ સ્પર્ધા યોજાશે.

- નજાહખાનમ સૈયદ

## બિલ વગરના મોબાઈલનો જથ્થો લઈને જતા બે ઝડપાયા

**શાહપુર સર્કલથી એલસીબીએ સ્કોડા ગાડી પકડી : રૂ. ૧૦.૮૬ લાખનો મુદ્દામાલ જપ્ત : શંકાસ્પદ માલ અંગે તપાસ શરૂ**

ગાંધીનગર, તા.૧૭

અમદાવાદથી ગાંધીનગર તરફ આવી રહેલી સ્કોડા ગાડીને ગાંધીનગર એલસીબીએ ચોકકસ બાતમીને આધારે શાહપુર સર્કલે ઉભી રખાવી ચેકીંગ કરતા તેમાંથી ૪૧ નંગ કિંમતી બિલ વગરના મોબાઈલો તથા અન્ય એસેસરીઝ મળી આવી હતી આ શંકાસ્પદ મુદ્દામાલ તથા ગાડી મળી કુલ રૂ. ૧૦.૮૬ લાખના મુદ્દામાલ જપ્ત કરી એલસીબીએ હિંમતનગરના બે શખ્સોએ ઝડપી સઘન તપાસ શરુ કરી છે.

ગાંધીનગર એસીબીના એએસઆઈ અબ્બાસખાન તથા તેમની ટીમને ચોકકસ બાતમી મળી હતી કે અમદાવાદથી ગાંધીનગર તરફ આવી રહેલ એક સ્કૉડા ગાડીમાં બિલ વગરના મોબાઈલ તથા એસેસરીઝનો જથ્થો ભરીને બે શખ્સો પસાર થઈ રહ્યા છે જેને આધારે ટીમે શાહપુર સર્કલ પાસે વૉચ ગોઠવીને ગાડીને ઉભી રખાવી ચેકીંગ કર્યુ હતું. ગાડીમાંથી બિલ વગરના ૪૧ નંગ કિંમતી મોબાઈલો, ૧૦૦ નંગ સેલ્ફી સ્ટીક અને ૪૮ નંગ મોબાઈલ કવર સહીતનો બિલ વગરનો માલ મળી આવ્યો હતો. આ મુદ્દામાલ મળી કુલ રૂ. ૧૦,૮૫,૯૫૯નો જથ્થો જપ્ત કરીને હિંમતનગરના રમેશ પુજાસિંહ પરમાર અને દિપક મુળજીભાઈ પટેલને પકડી તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઈન્ફોસીટી પોલીસે બંને શકમંદોની સઘન પુછપરછ શરુ કરી બિલ વગરનો માલ ચોરીનો કે છળકપટથી લાવવામાં આવ્યો છે કે કેમ? તે સહિતની તપાસ આરંભી છે.

## સે-૨૪ આદર્શનગરમાં એક મકાનમાંથી દારૂની બોટલો પકડાઈ

**રૂ. ૩૪ હજારના મુદ્દામાલ સાથે બુટલેગરની ધરપકડ**



ગાંધીનગર, તા.૧૭

શહેરના સેકટર-૨૪ ખાતે સ્થિત આદર્શનગરમાં એક બુટલેગર દારૂનો વેપલો કરતો હોવાની બાતમીને આધારે સે-૨૧ પોલીસની ટીમે દરોડો પાડી મકાનમાંથી દારૂ-બિયર તથા બાઈક મળી કુલ રૂ. ૩૪ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસે દારૂ-બિયર સાથે બુટલેગરની પણ ધરપકડ કરી લઈ ઝીણવટભરી પુછપરછ શરુ કરી છે.

સેકટર-૨૧ પોલીસ મથકના પીએસઆઈ સી.બી. ચૌહાણ તથા તેમની ટીમે બાતમીને આધારે સે-૨૪ આદર્શનગર ખાતે સ્થિત મકાન નં. ૭૨૦માં દરોડો પાડયો હતો. મકાનમાંથી ૩૪ નંગ રોટલ સ્ટેગ વ્હીસ્કીની બોટલો તથા ૧૨ નંગ અન્ય બ્રાન્ડની વિદેશી દારૂની બોટલો ઉપરાંત ૧૩ નંગ બિયરના ટીનનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂ-બિયર તથા બાઈક મળી કુલ રૂ. ૩૪ હજારના મુદ્દામાલ સાથે બુટલેગર વિરલ ભરત જયસ્વાલની ધરપકડ કરી માલ કયાંથી લાવ્યો હતો તે સહિતની પુછતાછ શરુ કરી છે.

## વાતવાતમાં

● ગાંધીનગર કલ્ચરલ ફોરમની નવલી નવરાત્રીમાં ગેટની અંદર પ્રવેશતા જ તૈયાર કરાયેલ સંસ્થાની યાદગાર ક્ષણની ફોટો ગેલેરી પાસે ખેલૈયાઓ તથા મુલાકાતીઓમાં ફોટો પડાવવાનો ક્રેઝ જોવા મળી રહ્યો છે. તસવીરો જોઈ પોતાની યાદો પણ મુલાકાતીઓ વાગોળી રહ્યા છે.

● આજે સમગ્ર ગાંધીનગરમાં ખાનગી નવરાત્રી ઉત્સવના આયોજકો પર પાસ માટે અસહ્ય દબાણ સર્જાયું હતું. બપોર પછી તો રીતસર નગરમાં પાસની અછત સર્જાઈ હોય તેવી પરિસ્થિતિ ઉભી થવા પામી હતી.

● શનિ-રવિની રજા હોઈ ગરબા આયોજકો પાસે પાસ લેવા પહોંચી ગયેલા નગરજનો ૮ પાસ આપોથી માંગ ચાલુ કરતા છેવટે ૨ પાસ તો આપો સુધી આવી જતા હતા. વગદારો પાસે પાસ માંગતા છેવટે તો જે ગરબા ગ્રાઉન્ડના પાસ હોય તે આપો જેવી માંગણીઓ પણ વ્યકત કરાઈ હતી.

● ગઈ કાલે રાત્રે રાયસણ ખાતે પીડીપીયુમાં યોજાયેલા ગરબામાં કેટલાક શખ્સો નશો કરીને આવ્યા હોવાના મામલે હોબાળો થવા પામ્યો હતો. અંતે પોલીસની દરમિયાનગીરીથી મામલો થાળે પડયો હતો.

● નવરાત્રીમાં વાહન પાર્ક કરી ગરબા ઘુમવા ગયેલા ખેલયાઓને રાત્રે પરત ફરતી વખતે પોતાનું વાહન કયાં પાર્ક કર્યુ છે તે શોધવામાં મુશ્કેલી પડી રહી છે. વાહન મળી જાય પછી તેના પરથી ધૂળની ડમરીઓ સાફ કરતા બીજી ૧૦ મિનિટ વપરાય છે.

● રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ ગાંધીનગર દ્વારા આજે સામાજીક સદભાવના બેઠક સવારે ૯ કલાકે કેશવ ગૌ શાળા, રાંધેજા ચાર રસ્તા પાસે રાખેલ છે.

- સમીર રામી

૯૯૨૪૪૪૬૬૪૫





સરસ્વતી વિદ્યાલય, સૅક્ટર-૬ બી ખાતે નવરાત્રી પર્વની ઉજવણી ઉલ્લાસપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે મળીને ગરબે ઘૂમ્યા હતા. વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે શ્રેષ્ઠ ગરબા રમનારા ખેલૈયાઓને ઈનામો પણ આપવામાં આવ્યાં હતાં.

જુનિયર કેજી વિભાગમાં દવે દિયા, સિનિયર કેજીમાં દિવ્યરાજ બિહોલા, ધોરણ એકથી પાંચના વિભાગમાં ટેલર પ્રિયાંશી, પરમાર હર્ષ, ધોરણ-૬થી ૮ના વિભાગમાં રાવલ મયુરી અને પરમાર મિત તથા ધોરણ-૯થી ૧૨ના વિભાગમાં દવે ઋત્વા અને પ્રિયદર્શી રાજુને અનુક્રમે વિજેતા જાહેર કરવામાં આવ્યાં હતાં.

## શહેરમાં નવરાત્રીને પગલે શાળા-કોલેજોમાં બાળકોની પાંખી હાજરી

ગાંધીનગર તા.૧૭

ગાંધીનગરમાં નવરાત્રીનો માહોલ જામ્યો છે. શેરી ગરબા તેમજ સંસ્થાકીય ગરબામાં માનવ મહેરામણ ઉમટે છે. ભાવિકો માતાજીના શકિત અને ભકિતના પર્વની ઉજવણીમાં મશગુલ બન્યા છે. નગરમાં બાળકો, યુવાનો, યુવતિઓ, મહિલાઓ સહિત અબાલ વૃધ્ધ ગરબે ઘુમી માતાજીની આરાધનામાં વ્યસ્ત છે. ત્યારે નગરની શાળા કોલેજોમાં વિધાર્થીઓની પાંખી હાજરી જોવા મળે છે.

પહેલાના સમયમાં ગાંધીનગર શહેરની ઓળખ કર્મચારી નગરની હતી. પરંતુ હાલના સંજાગોમાં નગરમાં શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ સહિત અનેક સંસ્થાઓ કાર્યરત છે. નગરની ઓળખ કર્મચારી નગરમાંથી શિક્ષણ નગરી બનવા પામી છે. પોતાના બાળકોને સારુ શિક્ષણ મળી રહે તે માટે અનેક પરિવારો નગરમાં વસવાટ કરે છે. શહેરની અંદાજીત પાંચ લાખની વસ્તીમાં લગભગ પોણા બે લાખ તો વિધાર્થીઓ છે. અત્યારે હાલ ચાલી રહેલા નવરાત્રી મહોત્સવમાં બાળકો, યુવાનો, યુવતિઓ ગરબા મેદાનમાં ધુમ મચાવી રહ્યા છે. મોડીરાત સુધી ગરબે ઘુમીને થાકી જાય છે. સવારે શાળા કોલેજ હોવા છતા બાળકો ઉઠતા નથી.જયારે તેઓના માતા-પિતા પણ થાકી ગયેલા પોતાના સંતાનોને ઉંઘમાંથી જગાડતા નથી.વર્ષ દરમિયાન નવરાત્રીની કાગડોળે રાહ જોતુ યુવાધન ગરબા મેદાનમાં ખીલી ઉઠે છે. ખેલૈયાઓ થાકી ગયેલા હોવાથી માતાજીની નવરાત્રીના નવ દિવસ માટે અભ્યાસમાં બાંધછોડ કરતા હોય છે. જેને પગલે વિધાર્થીઓની પાંખી હાજરી હોવાથી શહેરની શાળા કોલેજો સુમસામ જોવા મળે છે.

## 'રાષ્ટ્રભાષા ગૌરવ'ની માનદ્ ઉપાધિ એનાયત થઈ



ગાંધીનગર, તા.૧૭

સાહિત્ય મંડળ નાથદ્વારાના ઉપક્રમે હિન્દી સમારોહમાં તા. ૧૫-૯-૨૦૧૫ના રોજ ગાંધીનગરના હિન્દી કવિ/લેખક/અનુવાદક તેમજ વ્યસન મુકિત અભિયાન પ્રણેતા નિવૃત્ત ઓફીસ સુપ્રિટેન્ડેન્ટ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, અમદાવાદ શહેરના સે-૧૪ પ્લોટ નં. ૧૨૭/૧ ગાંધીનગર ખાતે નિવાસ કરતા મોજે મોટેરા અમદાવાદના વતની શ્રી ગુલાબચંદ એન. પટેલને પ્રમુખ શ્રી શ્યામ દેવપુરાના હસ્તે સન્માનીત કરી 'રાષ્ટ્રભાષા ગૌરવ' ની હિન્દીની માનદ ઉપાધિ શાલ ઓઢાડી રાજન દ્વારા શ્રીનાથજીની સુંદર છબી એનાયત કરવામાં આવી હતી.

આ પ્રસંગે ભારત ભરમાંથી હિન્દી કવિ/લેખકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે એ ઉલ્લેખનીય છે કે શ્રી પટેલને ગયા વર્ષે રાષ્ટ્રભાષાનું સન્માન અલ્હાબાદમાં એનાયત થયું હતું. શ્રી પટેલ હન્દીમાં કાવ્ય રચના કરે છે. મૌન કા મુકાબલા, હિન્દીમાં અનુવાદીત શિકાર કથા બાળકો માટેની પુસ્તિકા તેમજ જડ બેરી ઔર અન્ય વાર્તાઓ અનુવાદિત કરેલ છે. 'હરિકૃપા' કાવ્ય સંગ્રહ હિન્દીમાં પ્રકાશિત છે.

ગાંધીનગરના ઈન્ફોસીટી વિસ્તાર નજીક આવેલ એનઆઈસીએમ કોલેજમાં વિદ્યાર્થીઓ માટે સાત દિવસીય ક્રિકેટ ટૂર્નામેન્ટ યોજાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓએ ટીમ મુજબ પ્રદર્શન કર્યું હતું. રોવર્સ રાઈડર ટીમે ઉત્કૃષ્ઠ દેખાવ કરી વિજેતા બન્યા હતા. વિજેતા થનાર ટીમના કેપ્ટન વિરુ પટેલ તથા સાથી ખેલાડી પંકજ કુલાણી, કુલદિપસિંહ દરબાર, બ્રિજેશ નાથાણી, જય જાવિયા, ધ્રુવ પંડયા, વિકાસ બાબરીયા, મહેશ શાહ, સ્મીત પટેલ, જેનીશ દેલવાડીયા, આદિત્ય પરિદા, રુછીત લાદાનીયા આ તમામ ખેલાડીઓને કોલેજના ડિરેકટર ડૉ. જુનારે મેડલ આપી સન્માનિત કર્યા હતા તથા અભિનંદન પાઠવ્યા હતા.



## મનપા દ્વારા શરદપૂર્ણિમાએ ગરબા સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શરદપૂર્ણિમા ૨૭ ઓકટોબરના રોજ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા સેકટર-૧૬ના રંગમંચ ખાતે સાંજના ૬-૦૦ કલાકે યોજાશે. આ સ્પર્ધામાં ભાગ લેવા માગતા હોય તે ગ્રુપના ગ્રુપ લીડર દ્વારા સમગ્ર માહિતી કાર્યાલય ખાતે ૨૬ ઓકટોબરના રોજ સુધીમાં જીનલબેન ત્રિવેદી તથા રીતીબેન ગોહેલનો સંપર્ક કરીને આપવાની રહેશે. આ ગરબામાં વિજેતા થનાર પ્રથમ ૩ વિજેતા ગરબા સ્પર્ધકોને પ્રથમ ક્રમે ૧૫ હજાર, બીજા ક્રમે ૧૦ હજાર અને ત્રીજા ક્રમે ૫ હજારનું પ્રોત્સાહક ઈનામ અને પ્રમાણપત્ર આપવામાં આવશે.

## જૈન સોશ્યલ ગ્રુપ દ્વારા તપસ્વીઓ તથા તેજસ્વી તારલાનું સન્માન કરાયું

**આ પ્રસંગે સભ્યોની ડીરેકટરી ૨૦૧૫નું વિમોચન પણ કરાયું**

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના જૈન સોશ્યલ ગ્રુપ દ્વારા તાજેતરમાં યોજાયેલ કાર્યક્રમમાં ૧૦૦ તપસ્વીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જૈન સોશ્યલ ગ્રુપ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ ગ્રુપના સભ્યોની ડિરેકટરી ૨૦૧૫નું વિમોચન પણ કરવામાં આવ્યું હતું.

તાજેતરમાં ટાઉનહોલ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં શહેરના જાણીતા ગાયક બિરેન પુરોહિત અને કલાવૃંદ દ્વારા સંગીત સંધ્યા કાર્યક્રમ પ્રસ્તુત કરાયો હતો. મોટી સંખ્યામાં ઉમટી પડેલા સભ્યોએ તપસ્વીઓ તથા તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માન અને કલાકારોના પરફોર્મન્સને તાળીઓના ગડગડાટથી વધાવી લીધું હતું. આ પ્રસંગે શહેરના અગ્રણી કમલ કિશોર જૈન, કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાંત જહા, જૈન સોશ્યલ ગ્રુપના ઈન્ટરનેશનલ ફોરમના અરવિંદભાઈ દોશી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા સોશ્યલ ગ્રુપના પ્રમુખ મેહુલ જોશી, ઉપપ્રમુખ પારસભઈ સંઘવી, સ્થાપક પ્રમુખ સૂર્યકાંત મહેતા, પૂર્વ પ્રમુખ અરવિંદભાઈ શાહ, સંગીની ફોરમના પ્રમુખ નિતીકાબેન શાહ સહિત ટીમના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન હિતેષ કોઠારીએ કર્યુ હતું તથા આભારવિધિ કૈરવ શાહે કરી હતી.



કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ગર્લ્સ હૉસ્ટેલ, સૅક્ટર-૨૩ની ૧૩૨૬ વિદ્યાર્થીનીઓ દ્વારા નવરાત્રી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. હૉસ્ટેલની વિદ્યાર્થીનીઓએ પરંપરાગત વેશભૂષામાં ગરબે ઝૂમવાની મઝા માણી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીનીઓ દ્વારા ૧ હજાર દીવડાની આરતી અને મહાપ્રસાદનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સર્વ વિદ્યાલયના ચૅરમૅન વલ્લભભાઈ ઍમ પટેલ, રજિસ્ટ્રાર સૂર્યકિશ્નન મંત્રાલા સહિત કૅમ્પસ ડિરેક્ટર્સ, સર્વવિદ્યાલય સંચાલિત તમામ વિભાગોના વડાઓએ ઉપસ્થિત રહી મા શક્તિની આરાધના કરી હતી. મહાઆરતીનું આયોજન ગર્લ્સ હૉસ્ટેલનાં સુપ્રિટેન્ડન્ટ કૌશલ્યાબેન પટેલ અને સ્ટાફમિત્રોના સહકારથી કરવામાં આવ્યું હતું.



(તસવીર : કશ્યપ નિમાવત)

# આજે છઠ્ઠા દિવસે ફળદાયીની મા કાત્યાયનીની પૂજા

**સુર્ય ભગવાનની પૂજા-અર્ચનાનું પણ આજે વિશેષ મહત્વ છે વળી છઠ્ઠા સ્વરૂપના પૂજનથી શત્રુ પણ પરાજીત થાય છે**

ગાંધીનગર, તા.૧૭

ધાર્મિક પર્વ નવરાત્રી તેની ચરમસીમા તરફ આગળ વધી રહી છે અને પર્વ દરમિયાન માતાજીના સ્વરૂપોના પૂજન પણ વિધિ-વિધાન પૂર્વક થઈ રહ્યા છે. જેમાં આજે જગત જનની જગદંબાના છઠ્ઠા સ્વરૂપ 'મા કાત્યાયની'નું પૂજન કરાશે. મા ના પૂજનની સાથે આજે સુર્ય દેવતાની પૂજા અર્ચનાનું પણ વિશેષ મહત્વ લેખાયું છે. બ્રહ્માંડનું સર્જન કરનારી સૃષ્ટિ રચીઈતા મા આદ્યશકિતના આ વિશેષ પર્વમાં અનુષ્ઠાન અને હોમ હવનથી વાતાવરણ શુધ્ધ બને છે તેમજ જીવનમાં ખુશાલી આવે છે.

ભગવતી દેવીના સષ્ટમ સ્વરૂપના પૂજનનું વિશેષ મહત્વ એટલા માટે છે કે 'કાત્યાયની' માતાજીએ મહર્ષિ કાત્યાયનના ત્યાં પુત્રી રૂપે અશ્વિન કૃષ્ણ ચતુર્દશીએ જન્મ લઈ શુકલ સપ્તમી, અષ્ટમી અને નવમી સુધી ત્રણ દિવસ કાત્યાયન ઋષિની પૂજા કરી દશમીએ મહિષાસુરનો વધ કર્યો હતો. માતાજીના આ સ્વરૂપની પૂજા અર્ચનાના દિવસે સાધકનું મન 'આજ્ઞાચક્ર'માં સ્થિર રહે છે. મા કાત્યાયની સિંહ ઉપર સવાર હોય છે. ચાર ભુજાધારી અને સુસજ્જીત આભા મંડળની દેવી તરીકે પૂજાય છે. માતાજીના ડાબા હાથમાં કમળને તલવાર જયારે જમણા હાથમાં સ્વસ્તિક અને આર્શીવાદની મુદ્રામાં હોય છે. મા કાત્યાયનીની ભકિત અને ઉપાસના દ્વારા મનુષ્યને સરળતાથી અર્થ, ધર્મ, કામ અને મોક્ષ એમ ચારે ફળોની પ્રાપ્તિ થાય છે તેમજ આ લોકમાં હોવા છતાં અલૌકિક તેજ અને પ્રભાવથી યુકત બને છે.



મા કાત્યાયની શત્રુ હર્તા છે. જેથી તેમની પૂજા કરવાથી શત્રુ પરાજીત થાય છે અને જીવન સુખમય બને છે. ભગવાન કૃષ્ણને પતિરૂપમાં પામવા વ્રજની ગોપીઓએ કાલિન્દી-યમુના તટ ઉપર મા ની આરાધના કરી હતી. તેથી મા કાત્યાયની વ્રજમંડળની અધિષ્ઠાત્રી દેવીના રૂપે પણ પૂજાય છે. અને કુંવારી કન્યાઓના વિવાહ પણ મા ની પૂજા કરવાથી જલ્દી થાય છે. માતાજીનું રૂપ અત્યંત ચમકીલું અને ભવ્ય છે. મા કાત્યાયનીનો જન્મ આસુરી શકિતઓનો નાશ કરવા જ થયો હતો. જેમાં શંભુ અને નિશંભુ નામના રાક્ષસોનો સંહાર કરી માતાજીએ સંસારની રક્ષા કરી હતી. માટે જ નવરાત્રીના અતિ પવિત્ર પર્વ એ માતાજીના ધ્યાન મંત્ર, સ્તોત્ર મંત્ર અને કવચ મંત્ર કરવાનો મહિમા છે. જેનાથી સમગ્ર વ્યાધિ અને દુઃખ દુર થઈ અપાર સુખ શાંતિની પ્રાપ્તિ થાય છે.

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

## જીવ કલ્યાણ સંસ્થાની સભા યોજાશે

ગાંધીનગર, તા.૧૭

સર્વજીવ કલ્યાણ હેતુસર કાર્ય કરતી જીવ કલ્યાણ સંસ્થા દ્વારા આગામી તા. ૧૯ ઓકટોબરને રવિવારના રોજ પંચદેવ મંદિર, સેકટર-૨૨ ખાતે માસિક સામાન્ય સભા યોજાશે. સભામાં નગરજનોને હાજર રહેવા સંસ્થાના પ્રમુખ કે.બી. વ્યાસે અનુરોધ કર્યો છે.



ધી સચિવાલય સહકારી ઉપહાર ગૃહ લિમીટેડની સુવર્ણ જયંતિ વર્ષના ઉપક્રમે સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. જેમાં રમત ગમત ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર લિપ્સિ કેતનભાઈ ભટ્ટને સન્માન સમારોહમાં પ્રમાણપત્ર આપી નવાઝવામાં આવી હતી તેમજ સંસ્થા દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

### ચિરવિદાય

- સ્વ. પટેલ પ્રહલાદભાઈ શામળદાસ, ઉ.વ. ૭૮
- સ્વ. ગણપતીદેવી પન્નાલાલ અનીજવાલ, ઉ.વ. ૮૦